# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૧૪૨ તા.૧૧-૦૨-૨૦૨૨**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- રાજયની તમામ સરકારી શાળાઓના ધોરણ-૬,૭,૮,૯ અને ૧૧ ના વિદ્યાર્થીઓ માટે ઓફલાઈન / ઓનલાઈન મોડથી 'પુસ્તક વાચક સ્પર્ધા' યોજવા બાબત.

સંદર્ભ :- પત્રક્રમાંક : એસએસ/QEM/૨૦૨૧-૨૨/૫૭૬૩-૫૭૩૭ તા.૦૭-૦૨-૨૦૨૨

આથી મ્યુનિ શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, ધોરણ-૬,૭,૮,૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ માટે 'વાચન - અધ્યયન ઉત્સવ' અંતર્ગત 'પુસ્તક વાચક સ્પર્ધા' ભારત સરકારની મંજૂરીથી જે-તે ધોરણના વર્ગથી રાજયકક્ષા સુધી ઓફલાઈન/ઓનલાઈન આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવેલ માહિતી અને માર્ગદર્શન મુજબ યોજવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૧-૦૨-૨૦૨૨

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

NIPUN BHARAT

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ, સમગ્ર શિક્ષા,
સેક્ટર–૧૭, ગાંધીનગર.
e-mail : ssamstatett@gmail.com
website : www.ssagujarat.org

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

**પત્રક્રમાંક : એસએસ/QEM/૨૦૨૧–૨૨/** ૫૬૬૩ – ૫૭૩૭ **તા.૦૭/૨/૨૦૨૨**

**પ્રતિ,**
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી**
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,**
**સમગ્ર શિક્ષા, જિલ્લા :** તમામ.

**પ્રતિ,**
**જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર અને**
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી**
**જિલ્લા પ્રોજેક્ટ કચેરી, સમગ્ર શિક્ષા,**
**જિલ્લા :** તમામ.
**શાસનાધિકારીશ્રી :** અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા.

**વિષય : રાજયની તમામ સરકારી શાળાઓના ધોરણ–૬, ૭, ૮, ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ માટે ઓફલાઈન/ઓનલાઈન મોડથી 'પુસ્તક વાચક સ્પર્ધા' યોજવા બાબત**
**સંદર્ભ : માન.એસપીડીશ્રીની નોંધ પર મળેલ મંજુરી**

અધ્યયન નિષ્પત્તિઓમાં સુધારો લાવવામાં વાંચનનું યોગદાન વિવિધ સંશોધનોમાં દર્શાવવામાં આવ્યું છે. વાંચન એ ભાષા અને લેખન કૌશલ્યોને સક્ષમ બનાવવા તરફનું એક પગલું છે. તે શબ્દભંડોળ, સર્જનાત્મકતા, વિવેચનાત્મક વિચારસરણી, કલ્પના અને અભિવ્યક્તિમાં વધારો કરે છે, બાળકોને તેમની આસપાસના અને વાસ્તવિક જીવનની પરિસ્થિતિઓ સાથે સંબંધ બાંધવામાં મદદ કરે છે. જો કે તેને સતત અભ્યાસ, વિકાસ અને શુદ્ધીકરણની જરૂર છે. આમ, એક સક્ષમ વાતાવરણ બનાવવાની જરૂર છે, જેમાં, વિદ્યાર્થીઓ આનંદ માટે વાંચે અને આનંદપ્રદ અને ટકાઉ પ્રક્રીયા ધ્વારા તેમની કુશળતા વિકસાવે.

શિક્ષા મંત્રાલય–ભારત સરકાર પ્રકાશિત પુસ્તકાલય માર્ગદર્શિકા વર્તમાન અને નવા પુસ્તકાલય સંસાધનોનો ઉપયોગ કરવા માટે વિવિધ પ્રવૃત્તિઓ સૂચવે છે. પારસ્પરીક રમતો, વાર્તા કથન અને વાર્તા લેખન દ્વારા બાળકો ભાષાઓની દુનિયામાં પ્રવેશ કરે છે, જે તેમને તેમની પોતાની ભાષાની ક્ષમતાઓથી વાકેફ કરે છે અને તેમને તેમના વારસા વિશે અને તેમની આસપાસના લોકો વિશે વધુ જાણવા માટે પ્રોત્સાહીત કરે છે. 'પુસ્તક વાચક સ્પર્ધા'(વાંચન–અધ્યયન ઉત્સવ) વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સમુદાયમાં વાંચન સંસ્કૃતિને પ્રોત્સાહન આપશે. તેઓ તેમની કલ્પના અને અનુભવના આધારે કવિતાઓ, ટૂંકી વાર્તાઓ અને લોકવાર્તાઓ જેવા સર્જનાત્મક લેખનનો અનુભવ કરશે.

'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની ભાવનાને મજબૂત કરવામાં 'પુસ્તક વાચક સ્પર્ધા'(વાંચન–અધ્યયન ઉત્સવ) સહયોગી બનશે. આ વાંચન અભિયાનના મુખ્ય સંસાધનો બાળકો પોતે છે, જેઓ નવી ભાષાઓ શીખવામાં પારંગત છે અને ઉચ્ચારો અને બોલીઓની જીણવટ પ્રત્યે ખૂબ જ સંવેદનશીલ છે.

બાળકોને ફક્ત વાંચતા શીખવવું પૂરતું નથી, તેમને વાંચવા માટે યોગ્ય તેવું કંઈક(વાતાવરણ) આપવું જોઈએ. કંઈક, કે જે તેમની કલ્પનાઓને વિસ્તારશે, કંઈક, કે જે તેમને તેમના પોતાના જીવનને સમજવામાં મદદ કરશે અને તેઓને એવા લોકો સુધી પહોંચવા માટે પ્રોત્સાહીત કરશે જેમના જીવન તેમના પોતાના કરતા તદન અલગ છે. આ વિચારને મજબૂત કરવા માટે રાજયના ધોરણ ૬, ૭, ૮, ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ માટે 'વાંચન–અધ્યયન ઉત્સવ' અંતર્ગત 'પુસ્તક વાચક સ્પર્ધા' યોજવા શિક્ષા મંત્રાલય–ભારત સરકારની મંજુરી મળેલ છે.

ઉપરોકત બાબતોને ધ્યાને લઈ રાજયની તમામ સરકારી શાળાઓના ધોરણ–૬, ૭, ૮, ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ માટે જે–તે ધોરણના વર્ગથી રાજય કક્ષા સુધી ઓફલાઈન/ઓનલાઈન 'પુસ્તક વાચક સ્પર્ધા' યોજવા, તેમજ સ્પર્ધાના ભાગરૂપે આ શાળાઓના દર્શાવેલ ધોરણના વર્ગમાં તા.૦૭/૨/૨૦૨૨ થી તા.૧૧/૨/૨૦૨૨ દરમિયાન ઓફલાઈન/ઓનલાઈન 'પુસ્તક વાચન' યોજવા જણાવવામાં આવે છે.

આપના તાબા હેઠળની ઉપરોકત દર્શાવ્યા મુજબની તમામ સરકારી શાળાઓના ધોરણ–૬, ૭, ૮, ૯ અને ૧૧માં 'પુસ્તક વાચક સ્પર્ધા' આ સાથે સામેલ માર્ગદર્શિકા અનુસાર જે–તે કક્ષાએ નિર્ધારીત કરેલ સમયગાળામાં **પ્રવર્તમાન મહામારી અંગે સરકારશ્રી ધ્વારા વખતોવખત આપવામાં આવેલ એસ.ઓ.પી.ને ચૂસ્તપણે અનુસરીને** ઓફલાઈન/ઓનલાઈન મોડથી યોજાય તે માટે સબંધિત તમામને આપની કક્ષાએથી જરૂરી સુચનાઓ આપવા, તેમજ સ્પર્ધાનું દરેક તબકકે અસરકારક અમલીકરણ કરવા જણાવવામાં આવે છે.

**બિડાણ :** માર્ગદર્શિકા

**સચિવ અને ઓઆઈસી**
**કવોલીટી એજયુકેશન એન્ડ મોનીટરીંગ બ્રાન્ચ**
**એસપીઓ, સમગ્ર શિક્ષા, ગાંધીનગર.**

**નકલ સવિનય રવાના :**

– માન.સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, બ્લોક નં.૫/૭, સચિવાલય, ગાંધીનગર.
– માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧લો માળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
– માન.એસપીડીશ્રી, સદર કચેરી.
– માન.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.૧૨/૧લો માળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
– માન.નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., સેકટર–૧૨, ગાંધીનગર.

**: પુસ્તક વાચક સ્પર્ધા :**

રાજયની તમામ સરકારી શાળાઓના ધોરણ–૬, ૭, ૮, ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ માટે **ઓફલાઈન/ ઓનલાઈન** મોડથી 'પુસ્તક વાચક સ્પર્ધા'નું આયોજન,

- દરેક સ્તરની સ્પર્ધામાં બાળકો તેઓની **રજૂઆત મૌલિક રીતે અથવા તેમણે કાગળમાં લખેલુ વાંચીને** પણ કરી શકે છે.
- **રજૂઆતનો સમય :** બાળકદીઠ મહત્તમ ૧૦ મિનિટ

**જે–તે ધોરણ(૬, ૭, ૮, ૯ અને ૧૧)ના વિદ્યાર્થીઓ ધ્વારા 'પુસ્તક વાચન' અને 'પુસ્તક વાચક સ્પર્ધા' :**

- તા.૦૭/૨/૨૦૨૨ થી તા.૧૧/૨/૨૦૨૨ દરમિયાન પુસ્તક વાચન અને તા.૧૨/૨/૨૦૨૨ના રોજ પુસ્તક વાચક સ્પર્ધા
- સૌ પ્રથમ જે–તે ધોરણના વર્ગ(કલાસ)માં અભ્યાસ કરતા તમામ બાળકો પાસે વર્ગશિક્ષકે પુસ્તક સમીક્ષા કરાવવી,
- બાળકોની રજૂઆતને આધારે પ્રથમ, બીજા અને ત્રીજા ક્રમના વિજેતા નકકી કરવા

**શાળા કક્ષા :**

- તા.૧૨/૨/૨૦૨૨, શનિવારના દિવસે( ઓફલાઈન/ઓનલાઈન)
- ધોરણવાર વિજેતા થયેલ વિદ્યાર્થીઓની ધોરણવાર સ્પર્ધા
- **શાળા કક્ષાની સ્પર્ધામાં ધોરણવાર એક(૧) વિજેતા**
- વિજેતા નકકી કરવા ૩ નિર્ણાયકોની સમિતિ,
  જેમાં, (૧) જે–તે શાળાના મુખ્યશિક્ષક/આચાર્ય, (૨) જે–તે શાળાના કોઈ એક શિક્ષક, (૩) શાળાની એસએમસીના શિક્ષણવિદ/જે–તે ગામ કે વિસ્તારના સક્ષમ નિવૃત્ત શિક્ષક

**કલસ્ટર કક્ષાઃ**

- તા.૧૯/૨/૨૦૨૨, શનિવારના દિવસે(ઓફલાઈન/ઓનલાઈન)
- રાજયના તમામ કલસ્ટર ખાતે જે–તે કલસ્ટરમાં સમાવિષ્ટ તમામ સરકારી શાળાઓમાં શાળા કક્ષાની સ્પર્ધામાં ધોરણ–૬, ૭, ૮, ૯ અને ૧૧માં ધોરણવાર ૧(એક) મુજબ વિજેતા થયેલ તમામ બાળકો માટેની ધોરણવાર ઓફલાઈન/ઓનલાઈન મોડથી સ્પર્ધા
- **કલસ્ટર કક્ષાની સ્પર્ધામાં ધોરણવાર**(ધો.૬, ૭, ૮, ૯ અને ૧૧) **એક(૧) વિજેતા**
- આ રીતે **ઓછામાં ઓછા ૩ અને મહત્તમ ૫ વિજેતા** બનશે
- વિજેતા નકકી કરવા ૩ નિર્ણાયકોની સમિતિ
  જેમાં, (૧) સરકારી માધ્યમિક/ઉ.મા. શાળાના આચાર્યશ્રી, (૨) એવોર્ડ વિજેતા શિક્ષકશ્રી, (૩) સબંધિત બીટ કેળવણી નિરીક્ષકશ્રી(શિક્ષણ)/સીઆરસી કો.ઓર્ડિનેટરશ્રી

**બ્લોક(બીઆરસી) કક્ષાઃ**

- તા.૨૬/૨/૨૦૨૨, શનિવારના દિવસે(ઓફલાઈન/ઓનલાઈન)
- જે–તે બ્લોકમાં સમાવિષ્ટ તમામ કલસ્ટરમાં કલસ્ટર કક્ષાની સ્પર્ધામાં ધોરણ–૬, ૭, ૮, ૯ અને ૧૧માં ધોરણવાર વિજેતા બનેલ તમામ બાળકો માટેની ધોરણવાર ઓફલાઈન/ઓનલાઈન મોડથી સ્પર્ધા
- **બ્લોક કક્ષાની સ્પર્ધામાં ધોરણવાર**(ધો.૬, ૭, ૮, ૯ અને ૧૧) **એક(૧) વિજેતા**
- આ રીતે **મહત્તમ ૫ વિજેતા** બનશે
- વિજેતા નકકી કરવા ૩ નિર્ણાયકોની સમિતિ
  જેમાં, (૧)તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (૨)ડાયટના સબંધિત લાયઝન વ્યાખ્યાતાશ્રી,(૩)સબંધિત બીઆરસી કો.ઓર્ડિનેટરશ્રી

**જિલ્લા કક્ષા :**

- તા.૦૫/૩/૨૦૨૨, શનિવારના દિવસે(ઓફલાઈન/ઓનલાઈન)
- જે–તે જિલ્લામાં સમાવિષ્ટ તમામ બ્લોકમાં તાલુકા કક્ષાની સ્પર્ધામાં ધોરણ–૬, ૭, ૮, ૯ અને ૧૧માં ધોરણવાર વિજેતા થયેલ તમામ બાળકો માટેની ધોરણવાર ઓફલાઈન/ઓનલાઈન મોડથી સ્પર્ધા
- **જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ધોરણવાર**(ધો.૬, ૭, ૮, ૯ અને ૧૧) **એક(૧) વિજેતા**
- આ રીતે **મહત્તમ ૫ વિજેતા** બનશે
- વિજેતા નકકી કરવા ૪ નિર્ણાયકોની સમિતિ
  જેમાં, (૧)ડાયટના ગ્રંથપાલશ્રી, (૨)ડાયટ લેકચરરશ્રી, (૩)એવોર્ડ વિજેતા શિક્ષકશ્રી, (૪)કેળવણી/સાહિત્યકારશ્રી

**રાજય કક્ષા :**

- તા.૧૨/૩/૨૦૨૨, શનિવારના દિવસે(ઓફલાઈન/ઓનલાઈન)
- રાજયના તમામ જિલ્લામાં જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ધોરણ–૬, ૭, ૮, ૯ અને ૧૧માં ધોરણવાર વિજેતા થયેલ તમામ બાળકો માટેની ધોરણવાર ઓફલાઈન/ઓનલાઈન મોડથી સ્પર્ધા
- રાજય કક્ષાની સ્પર્ધામાં ધોરણવાર એક(૧) વિજેતા
- આ રીતે મહત્તમ ૫ વિજેતા બનશે
- વિજેતા નકકી કરવા ૩ નિર્ણાયકોની સમિતિ

ઉપરોકત દર્શાવ્યા મુજબ 'પુસ્તક વાચક સ્પર્ધા'ના આયોજન સંલગ્ન નીચેની બાબતો ધ્યાને લેવા વિનંતી છે.

- ➢ 'પુસ્તક વાચક સ્પર્ધા'માં શાળા કક્ષાથી લઈ રાજય કક્ષા સુધી વિજેતા થનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ તરીકે વિજેતાદીઠ ક્રમશઃ રૂ.૧૦૦(શાળા કક્ષા), રૂ.૨૦૦(કલસ્ટર કક્ષા), રૂ.૩૦૦(બ્લોક કક્ષા), રૂ.૪૦૦(જિલ્લા કક્ષા) અને રૂ.૫૦૦(રાજય કક્ષા)ની જોગવાઈ.
- ➢ દરેક સ્તરે વિજેતા બનેલ **વિદ્યાર્થીઓની યુનિક આઈ.ડી.** સાથેની પ્રમાણભૂત માહિતી જે–તે સ્તરના જવાબદાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીના સહી–સિકકા સાથે સ્પર્ધા પૂર્ણ થયાના બે(૨) દિવસમાં જે–તે સ્તરના ઉપલા સ્તરે એકત્રિત કરી દરેક જિલ્લા/કોર્પોરેશને એકંદર માહિતી અત્રેની કચેરીને મોકલી આપવાની રહેશે.
- ➢ વિજેતા વિદ્યાર્થીઓ પ્રોત્સાહક ઈનામની રકમમાંથી ઓનલાઈન બુકફેરમાંથી તેઓની પસંદગીના પુસ્તકો પસંદ કરી વસાવી શકશે.
- ➢ 'ઓનલાઈન બુકફેર' અંગે અલગથી વિગતવાર જાણ કરવામાં આવશે.